## છોડો મારો છેડલો

(ફિલ્મઃ વેરનો વારસ)

છોડો મારો છેડલો છેલ છોગાળા,
મને જાવા દીયોને મારે ગામ રે
મારગડે મારો મેલી દિયોને સુંદર શ્યામ રે...મારગડો.
છોડું કેમ છેડલો છેલ છબીલી.
મને તરસ્યો તું રાખે કાં આમ! અરેરે! મને.....
જોને સાંજ ઢળી સામો કોઇ ના મળે,
બાંધી ઘુઘરી ગળે, ગાયો પાછી વળે,
ધારી ધારી નોંધારી મને વ્હાલીડા કેમ છળે,
પ્રીત્યું ના થાય, બધે પ્રીત્યું નો થાય કળે,
રોકો ના વાટ હું તો અબળાની જાત,
ખૂટે હૈયા કેરી હવે હામ રે....મારગડો.
હજી તો વાત અધુરી, રહી ગઇ આશા અધુરી
છોડો કાં આમ અધુરી, મિલનની પળ મધુરી,
એવું શું કામ જરૂરી, કાળજે મારી છુરી
આવ્યા ના આવ્યા ત્યાં તો જાવાની ટેવ બુરી,
તારો મારો સંગ સાથે સંધ્યાનો રંગ.
તારો છલકે જોબનિયાનો જામ....મારગડો.